सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખ: | ૧૦/૦૧/૨૦૨૩ | | |
| દાખલ તારીખ : | ૧૦/૦૧/૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ : | ૨૮/૦૪ /૨૦૨૬ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૩ | ૦૩ | ૧૮ |

**<u>જામનગરના સ્પેશ્યલ જજ તેમજ ૪ થા સેશન્સ જજશ્રીની અદાલત સમક્ષ</u>**

**સ્પેશ્યલ ઈલેક્ટ્રીકસીટી કેસ નં.૦૬/૨૦૨૩**

**આંક –** ૪૭

ફરીયાદી: શ્રી ગુજરાત સરકાર,
(જામનગર જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે સેકન્ડ ગુ.ર. નં.૧૨૬૪/૨૦૨૨)

**વિરુધ્ધ**

આરોપી : શાન્તુબા વિક્રમસિંહ જાડેજા
ઉ.વ. ૭૦, ધંધો: ઘરકામ
રે. જાલીયાદેવાણી ગામ, તા. ધ્રોલ, જિ. જામનગર

**<u>ગુન્હો</u>**:– <u>ઈલેકટ્રીક સીટી એકટ , ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબ</u>

.......................................................................................

સરકાર તરફે : વિ.એ.ડી.પી.શ્રી પી.જે.પરમાર
આરોપી તરફે : વિ.વ.શ્રી એન.આર. જાડેજા
ફરીયાદી કંપની તરફે: વિ.વ.શ્રી આર.કે.વશીયર

.......................................................................................

**–:: <u>ચુકાદો</u> ::–**

(૧) ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા. ૨૭/૪/૨૦૨૨ ના રોજ

કલાક ૮:૪૫ વાગ્યે જાલીયા દેવાણી ગામ, જિ. જામનગરમાં આરોપીએ પોતાના રહેણાંક મકાને વીજમીટર હોય, આ વીજમીટરની સર્વિસ વાયરમાં ફેઈઝ તથા ન્યુરલ વાયરને છુટા પાડી એક વધારાનો વાયર લગાડી બોડી સાઈડમાં વાયરીંગ સાથે જોડી વીજ મીટરમા વીજ વપરાશ નોંધાતો અટકાવી વીજ મીટર બાયપાસ કરી, ઘરમા વીજ વપરાશ કરી, ચેકીંગ દરમ્યાન રૂા. ૧,૧૮,૪૪૬.૨૯ પૈસાની વીજચોરી કરી પકડાઈ જઈ, ઈલેકટ્રીક સીટી એકટ, ૨૦૦૩ ની કલમ– ૧૩૫ મુજબનો ગુન્હો કરેલ હોય, તે મુજબ ફરીયાદ દાખલ કરવામાં આવતાં જે ગુનો જામનગર જી.યુ.વી.એન.એલ પો.સ્ટે. સેકન્ડ ગુ. ર. નં. ૧૨૬૪/૨૦૨૨ થી નોંધવામાં આવેલ.

(૨) સદર ગુન્હો નોંધાતા તપાસ કરનાર અધિકારી દવારા સદર ગુન્હાની તપાસ કરવામાં આવેલી અને તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો મળી આવતાં સક્ષમ અદાલત સમક્ષ નં. ૧૦૬/૨૦૨૩ થી ચાર્જશીટ રજુ કરવામાં આવેલ,જે કેસ ને ફોજદારી કેસ નં.૧૨૨/૨૦૨૩ મેજીસ્ટ્રેટ કોર્ટ દવારા આપવામાં આવેલ.

(૩) હાલનો ગુન્હો કાયદા અન્વયે સ્પેશ્યલ કોર્ટને ચલાવવાની હકુમત હોય, જેથી વિધ્વાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ધ્રોલ દવારા સદર કેસ અત્રેની સ્પેશ્યલ કોર્ટને તા.૧૦/૧/૨૦૨૩ ના હુકમથી ટ્રાન્સમીટ કરવામાં આવેલ હતો અને ત્યારબાદ સદર કેસ અત્રેની અદાલત સમક્ષ સ્પેશયલ ઈલેકટ્રીક કેસ નં.૦૬/૨૦૨૩ થી નોંધવામાં આવેલ હતો.

(૪) આરોપી સામે અત્રેની સ્પેશ્યલ અદાલત દવારા આંક–૧૪ થી ત્હોમતનામું

ફરમાવવામાં આવેલ અને આંક-૧૫ થી પ્લી નોંધતાં તેમાં આરોપી દવારા તેઓને ગુન્હો કબુલ નથી અને કેસ આગળ ચલાવવો છે તે મુજબની રજુઆત કરતાં આરોપી સામેનો કેસ આ અદાલત દવારા આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) ફરીયાદ પક્ષ દવારા રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

**મૌખિક પુરાવા:-**

| ક્રમ નં. | વિગત | સાહેદનુ નામ | આંક |
|---|---|---|---|
| ૧ | પંચ સાહેદ | રાજદીપસિંહ બળવંતસિંહ | ૧૫ |
| ૨ | પંચ સાહેદ | દિગ્વિજયસિંહ ગગુભા | ૧૮ |
| ૩ | નાયબ ઈજ નેર | ડેનીશભાઈ નરેન્દ્દભાઈ | ૨૧ |
| ૪ | જુનીયર ઈજનેર | જયંતકુમાર જવાહરલાલ | ૨૮ |
| ૫ | ઈલે. આસીસટન્ટ | ધર્મેન્દ્દ બાબુલાલ | ૩૨ |
| ૬. | આઈ.ઓ. | મધુબાળા કેશવગર | ૩૪ |

**દસ્તાવેજી પુરાવો**

| અ.નં. | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | સ્થાનિક જગ્યાનું પંચનામુ | ૧૬ |
| ૨. | લેખિત ફરીયાદ | ૨૨ |
| ૩. | કેલ્કયુલેશન શીટ | ૨૩ |
| ૪. | વીજચોરીના બીલનો ફોરવર્ડીગ પત્ર | ૨૪ |
| ૫. | ફોટોગ્રાફી અંગેનુ અસલ પ્રમાણપત્ર | ૨૫ |
| ૫. | ફોજદારી કાર્યવાહી કરવા હેડ ઓફિસનો સરકયુલર | ૨૬ |
| ૬ | અસલ ક્રેડિટ ગેટ પાસ | ૨૭ |
| ૭ | ચેકીંગશીટ, સ્થળ રોજકામ, એનેક્ષર-૪ | ૨૯ થી ૩૧ |
| ૮. | ચુંટણી કાર્ડ, રાશનકાર્ડ, વેરા પહોંચ તથા વિક્રમ સિંહના મરણના પ્રમાણપત્રની નકલ | ૩૫ થી ૩૮ |
| ૯. | એફ.આઈ.આર પ્રફોર્મા તથા તપાસ ડેપ્યુટનો હુકમ | ૩૯,૪૦ |

| | | |
|---|---|---|
| ૧૦. | નોટીસ, તથા કલમ-૪૧(ક) ૧ મુજબની નોટીસ | ૪૧,૪૨ |
| ૧૧ | કલોઝીંગ પુરસીસ | ૪૩ |

(૬) ત્યારબાદ આરોપીનુ વિશેષ નિવેદન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ અન્વયે નોંધવામાં આવેલુ જેમાં તેઓએ રજુઆત કરેલ છે કે, ''અમે તદન નિદોર્ષ છીએ, આ કામમા અમારી સામે ખોટી ફરીયાદ કામગીરી દર્શાવવા કરેલ છે. અમોએ કોઈ વીજચોરી કોઈપણ પ્રકારે કરેલ નથી. અમે કંઈ જાણતા નથી. કહેવાતી તપાસના આધારે ખોટી જુબાની લીધેલ હોવાનો ખ્યાલ આવેલ હોય, અમે ગરીબ અને વિધવા બાઈ માણસ હોય, જેથી તેઓને નિદોર્ષ છોડવા અરજ કરેલ છે.'' ત્યારબાદ આ કામે પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા.

(૭) આ કામે વિ. એ.પી.પી.શ્રી પી.જે.પરમાર દવારા મૌખિક દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાઓ સંબધે પુરાવો રજુ કરી પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરેલ હોય, આરોપીને તકસીરવાન ઠરાવવા રજુઆત કરેલ છે. જયારે મુળ ફરીયાદી તરફે વિ. વ.શ્રી આર.કે.વશીયર નાઓએ આંક-૪૪ થી લેખિત દલીલ કરજુ કરેલ છે. જે ધ્યાને લીધી.

આરોપી તરફે વિ.વ.શ્રી એન.આર.જાડેજા દવારા દલીલ કરતા જણાવે છે કે, ઉપરોકત દલીલના વિરુધ્ધમાં ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાહો સંબધે પુરાવા રજુ કરી પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરેલ ન હોય, આરોપીને છોડી મુકવા રજુઆત કરેલ છે.

બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો, રજુ થયેલ રેકર્ડ ધ્યાને લેતાં, નીચે મુજબના મુદ્દાઓના નિર્ણય કરવાના રહે છે.

**– :: મુદ્દાઓ ::–**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, તા. ૨૭/૪/૨૦૨૨ ના રોજ કલાક ૮:૪૫ વાગ્યે જાલીયાદેવાણી ગામ, જિ. જામનગરમાં આરોપીએ પોતાના રહેણાંક મકાને વીજમીટર હોય આ વીજમીટરની સર્વિસ વાયરમાં ફેઈઝ તથા ન્યુરલ વાયરને છુટા પાડી એક વધારાનો વાયર લગાડી બોડી સાઈડમાં વાયરીંગ સાથે જોડી વીજ મીટરમા વીજ વપરાશ નોંધાતો અટકાવી વીજ મીટર બાયપાસ કરી, ઘરમા વીજ વપરાશ કરી, ચેકીંગ દરમ્યાન રૂા. ૧,૧૮,૪૪૬.૨૯ પૈસાની પાવર ચોરી કરતા પકડાઈ જઈ, ઈલેકટ્રીક સીટી એકટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**મુદ્દા નં. ૧–૨ ની ચર્ચા:–**

(૯) આ કામે આંક–૨૮ થી જુનીયર ઈજનેર જયંતકુમાર જવાહરલાલ સંઘવી ઉલટતપાસમાં જણાવે છે કે, તેઓએ ચેકીંગમા જતા પહેલા કોઈ ઉપરી અધિકારીની મંજુરી લીધેલ ન હોય જણાવેલ છે. પરંતુ તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, અમારા સક્ષમ અધિકારી અમને મૌખિક સુચના આપતા હોય જેથી અમે ચેકીંગમા જતા હોય છીએ અને તેઓએ કબુલ કરેલ છે કે, આવી મૌખિક સુચના ની મે કોઈ નોંધ કરેલ હોય તેવી નોંધ મે આ કામે રજુ કરેલ નથી. આ સંદર્ભમા, ઈલેકટ્રીક સીટી એકટ,૨૦૦૩ ની

કલમ ૧૩૫(૨) ધ્યાને લેવામા આવે તો માત્ર અધિકૃત અધિકારી ચેકીંગની કાર્યવાહી કરી શકે છે તેવુ જણાય આવે છે. આ કામે સદરહુ સાહેદના ઓને આવો ચેકીંગ અને ઈન્સપેકશન કરવા કોઈ અધિકાર મળેલ હોય તેવુ ફરીયાદ પક્ષે કોઈ પુરાવો રજુ રાખેલ નથી જેથી આ કામે સદરહુ સાહેદ દવારા કરવામા આવેલ ચેકીંગ અને ઈન્સપેકશન બિન–અધિકૃત બને છે.વધુમા સદરહુ સાહેદ સ્વીકાર કરે છે કે, મારા સ્ટાફના માણસો સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોની હાજરીમા સ્થળ રોજકામ કરેલ નહી આ કામે સદરહુ સાહેદે ચેકીંગ અને ઈન્સપેકશનની કાર્યવાહી કોઈ સ્વતંત્ર સાહેદની હાજરીમા કરેલ નથી જેથી ઈલેકટ્રીકસીટી એકટની કલમ–૧૩૫(૪) તથા ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૧૦૦ અને ૧૦૨ મુજબના જોગવાઈના પાલન થયેલ હોય તેવુ જણાય આવતુ નથી. વધુમાં, સદર સાહેદે સ્વીકાર કરેલ છે કે અમોએ કબજે કરેલ મુદામાલ પોલીસ ને સોપેલ નથી અને વાયર બજારમા સહેલાઈથી મળી શકે તેવી વસ્તુ છે. આ કામે તપાસ કરનાર અમલદાર મધુબાળા કેશવગર અપારનાથી ના એ પણ સ્વીકાર કરે છે કે મે મારી તપાસ દરમ્યાન કોઈ મુદામાલ કબજે કરેલ નથી. આમ, આ કામે બનાવમા કહેવાતો મુદામાલ વાયરનો વપરાશ થયેલ છે કે કેમ તે બાબતે પણ ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉદભવે છે.

(૧૦) અગાઉ ઉલ્લેખ થયેલ છે આ કામે આંક–૨૮ થી જયંતકુમાર જવાહરલાલ સંઘવી જુનીયર ઈજનેર નાઓએ સ્વીકાર કરેલ છે કે, મારા સ્ટાફના માણસો સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોની હાજરીમા સ્થળ રોજકામ કરેલ નહી. State of Gujarat Versus Jayantibhai Jivanbhai Gohil 2023 (0) AIJEL-HC 244923 ના ચુકાદામા નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા ઠરાવવામા આવેલ છે કે, જયારે વીજ કપંની દવારા આરોપી સામે વીજ ચોરીનો આક્ષેપ કરવામા

આવે અને ચેકીંગ હાથ ધરવામા આવે, ત્યારે મીટર અને વાયરની સ્થિતિ શું છે અને આરોપી દવારા કેવી રીતે વીજની ચોરી કરવામા આવેલી તે અંગે ની સ્પષ્ટતા થવા બનાવવાળી જગ્યાનુ પંચનામુ થવુ જરુરી છે. આ કામે જે પં ચનામુ થયેલ છે તે બનાવવાળી જગ્યાનુ પંચનામુ થયેલ છે અને મીટર અને વાયરનુ કોઈ પંચનામુ થયેલ નથી. આ રીતે પણ ફરીયાદ પક્ષનો કેસમા શંકા ઉદભવે છે.

(૧૧) વધુમાં, સદરહુ સાહેદ સ્વીકાર કરે છે કે, અમોએ ચેકીંગવાળા સ્થળેથી આરોપીની જગ્યાની કોઈ માલિકી બાબતેના રેવન્યુ રેકર્ડ કબજે કરેલ નથી. આ કામે ફરીયાદી ડેનીશભાઈ નરેન્દ્રભાઈ નાઓએ પણ સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાની માલિકી સંબધે કોઈ પુરાવા આ કામે રજુ કરેલ નથી. તે રીતે તપાસ કરનાર અમલદાર –મધુબાળા કેશવરગર અપારનાથી નાઓએ પણ મારી તપાસ દરમ્યાન આરોપીના રેવન્યુ રેકર્ડ કબજે કરેલા નથી તેમ સ્વીકાર કરે છે. આ કામે સાહેદ–ધર્મેન્દ્ર બાબુલાલ બગથરીયા તથા જયંતકુમાર જવાહરલાલ સંઘવી નાઓએ પોતાની જુબાનીમાં બનાવવાળી જગ્યા ધ્રોલ રૂરલ સબ ડીવીઝન હેઠળ આવતા જાલીયા દેવાણી ખાતે આરોપીનુ મકાન આવેલ હોવાનુ જણાવેલ છે. આ સંદર્ભમા આ કામે તપાસ કરનાર અમલદાર –મધુબાળા કેશવગર અપારનાથી ના ઓએ આંક–૩૫થી આંક–૩૭ સુધી આરોપીનુ ચુંટણીકાર્ડ, રેશનકાર્ડ, વેરા પહોંચ રજુ રાખેલ છે. જે જોતા તેમાં આરોપીના ચુંટણી કાર્ડમાં આરોપીનુ સરનામુ, ૨૧, નવુ જાલીયા દેવાણી વિસ્તાર જાલીયા, દેવાણી ૩૬૧૨૧૦ –ધ્રોલ, જી. જામનગર લખેલ છે જે મુજબનુ સરનામુ ફરીયાદ પક્ષના કોઈપણ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ નથી. આરોપીનુ

રાશનકાર્ડ જોતા તેમા સરનામુ મુ. જાલીયા, જાલીયા ગામ ધ્રોલ, જામનગર લખેલ છે જે મુજબનુ સરનામુ અધુરુ છે અને તે મુજબનુ સરનામુ ફરીયાદ પક્ષના કોઈપણ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે. વધુમાં, વેરા પહોંચ જોતા તે આરોપીના નામે નથી પરંતુ વિક્રમસિંહ મનુભા જાડેજા ના નામે છે અને તેઓનુ મરણપ્રમાણપત્ર પણ આંક–૩૮ થી રજુ છે. આમ, આંક –૩૪ થી આંક–૩૭ વાળા દસ્તાવેજી પુરાવાથી ફરીયાદ પક્ષને કોઈ મદદ મળી શકે તેમ નથી. અત્રે નોંધવુ જરૂરી છે કે ફરીયાદ પક્ષે આ કામે આંક–૨૨ થી ફરીયાદ તથા આંક–૨૩ થી સપ્લીમેન્ટરી બીલ રજુ કરેલ છે જે ફરીયાદ વિક્રમસિંહ મનુભા જાડેજા સામે છે તથા બીલ પણ તેઓના નામે છે. તે સંજોગોમા આરોપીની કઈ રીતે ગુનામા સંડોવણી થયેલ છે. તે બાબતે ફરીયાદ પક્ષે કોઈ પુરાવા રજુ કરેલ નથી. આ કામે આંક–૧૬ થી રજુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ ધ્યાને લેતાં, આરોપીએ સદર જગ્યા પોતાની હોવાની તેમ જ વિક્રમસિંહ મનુભા જાડેજાના પત્ની તથા હોવાનુ તેમજ તેઓ મરણ ગયેલ હોવાનુ જણાય આવે છે. પરંતુ આ કામે બંને પંચ સાહેદો રાજદીપસિંહ બળવંતસિંહ જાડેજા તથા દિગવિજયસિંહ ગગુભા જાડેજા નાઓએ બનાવવાળી જગ્યાનુ પંચનામુ તેમની હાજરીમા થયેલ છે તેવો કોઈ પુરાવો આપેલ નથી. આ તમામ પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષ તે પુરવાર કરવામા સફળ થયેલા નથી કે બનાવવાળી જગ્યા આરોપીના માલિકી અથવા કબજા ભોગવટામા હતી.

(૧૨) મુળ ફરીયાદી તરફે લેખિત દલીલ કરવામા આવેલ છે કે ચેકિંગવાળી જગ્યા આરોપીના કબ્જાની હતી અને તેઓ તે જગ્યાનો ઉપયોગ, ઉપભોગ કરતા હત તે સાબિત કરવા ફરીયાદ પક્ષે દસ્તાવેજી આધારો રજૂ કરેલ છે જેથી સદરહુ બનાવવાળી જગ્યા આરોપીના કબજા ભોગવટાના હોવાનુ ની:શંકપણે

સાબિત કરે છે અને પોતાના દલીલના સમર્થનમા ***Vihol Ranjitsinh Nenaji Versus State Of Gujarat 2016 (0) AIJEL-HC 236522*** ના ચુકાદા પર આધાર રાખેલ છે. સદર દલીલની ચર્ચા અગાઉ થયેલ છે અને તેમા ઠરાવવામા આવેલ છે કે, આ કામે તમામ પુરાવો ધ્યાને લેતા, ફરીયાદપક્ષ તે પુરવાર કરવા સફળ થયેલા નથી કે બનાવવાળી જગ્યા આરોપીના માલિકી અથવા કબજા ભોગવટામા હતી જેથી તે દલીલ રદ કરવામા આવે છે. વધુમાં, આ કામે ***Vihol Ranjitsinh Nenaji (supra)*** ના ચુકાદામા ઠરાવવામા આવેલ છે કે, *"For constituting offence under section 135 of the Act, it is not necessary that the place of theft of electricity should be owned by the accused but it should be under possession of the accused."* આમ, હાલના કેસ જ્યારે ફરીયાદપક્ષે બનાવવાળી જગ્યા આરોપીના કબજા ભોગવટામા હતી તે પુરવાર કરવુ જરૂરી છે જેમા તેઓ સફળ થયેલા નથી.

(૧૩) વધુમા, મુળ ફરીયાદી તરફે લેખીત દલીલમા ગુજરાત સરકારના એનર્જી અને પેટ્રોકેમીકલ ડીપાર્ટમેન્ટના હુકમ નંબર: GU-2004-(37)-ELA-1103-9539-K તારીખ 05-06-2004 ના હુકમ મુજબ આ કામના ચેકીંગ કરનાર અધિકારીઓ સદર કાયદાની કલમ મુજુબ ઓથોરાઈઝડ છે તેવુ જણાવેલ છે જેથી બચાવ પક્ષ તરફે ઓથોરાઈઝ પર્સન દ્વારા ચેકીંગ કરવામા આવેલ નથી તે દલીલ ટકવા પાત્ર નથી.

(૧૪) ઉપરોક્ત દલીલના સંદર્ભમા ઈલેક્ટ્રીસીટી એક્ટ– ૨૦૦૩ ની કલમ ૧૩૫ (૨) ધ્યાને લેવામા આવે તો માત્ર અધિકૃત અધિકારી ચેકીંગની કાર્યવાહી કરી શકે છે તેવુ જણાય આવે છે. આ કામે4 ફરીયાદપક્ષના સાહેદને આવો ચેકીંગ અને ઈન્સપેકશન કરવા કોઈ અધિકાર મળેલ હોય તેવુ ફરીયાદપક્ષે કોઈ પુરાવો રજૂ રાખેલ નથી. આમ, આ કામે સદરહુ સાહેદ દ્વારા કરવામા

આવેલ ચેકીંગ અને ઈન્સપેકશન બિન–અધિકૃત બને છે.

(૧૫) વધુમા, મુળ ફરીયાદી તરફે લેખીત દલીલમા હાલના કેસમા મુદ્દામાલ ખુલ્લી જગ્યામાથી સીઝ કરવામા આવેલ હોય, ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૧૦૨ મુજબ સ્વતંત્ર પંચોની રૂબરૂ પંચનામુ કરવાનું મૂળ ફરીયાદી પર કોઈ લીગલ ઓબ્લીગેશન નથી તેમજ હાલની કાર્યવહી સર્ચની નથી પરંતુ સીઝરની છે તેથી સીઝરની કાર્યવાહીમાં સર્ચની જોગવાઈઓ લાગુ પાડી શકાય નહી તેમ જણાવેલ છે.

(૧૬) ઉપરોક્ત દલીલના સંદર્ભમા, ઈલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ ની કલમ ૧૩૫ (૪) તથા ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૧૦૦ અને ૧૦૨ ધ્યાને લેવામા આવે તો, અધિકૃત અધિકારી ચેકીંગની અને ઈન્સપેકશનની કાર્યવાહી માત્ર સ્વતંત્ર સાહેદોની હાજરીમા કરી શકે છે તેવુ જણાય આવે છે. આ કામે, ફરીયાદપક્ષના સાહેદે ચેકીંગ અને ઈન્સપેકશનની કાર્યવાહી કોઈ સ્વતંત્ર સાહેદોની હાજરીમા કરેલ નથી જેથી ઈલેક્ટ્રીસીટી એક્ટ ની કલમ ૧૩૫ (૪) તથા ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૧૦૦ અને ૧૦૨ મુજબના જોગવાઈના પાલન થયેલ હોય તેવુ જણાય આવતુ નથી.

(૧૭) વધુમા, મુળ ફરીયાદી તરફે લેખીત દલીલમા જો દલીલ ખાતર સર્ચ સીઝરની પ્રક્રિયા ખામી યુક્ત હોય તો પણ તેનો ગેર ફાયદો આરોપી ન લઈ શકે તેમ જણાવેલ છે અને પોતાના દલીલના સમર્થનમા ***Gopalbhai Chandubhai Rana Vs State of Gujarat, 2008 (0) AIJ-GJ 220281*** ના ચુકાદા પર આધાર રાખેલ છે. ઉપરોક્ત દલીલના સંદર્ભમા, ઈલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ ની કલમ 135 ની પેટા–કલમ (4) દયાને લેવામા આવે તો તેમા નીચે મુજબની જોગવાઈ કરવામા આવેલ છે:

> "(4) The provisions of the Code of Criminal Procedure, 1973, relating to search and seizure

shall apply, as far as may be, to searches and seizure under this Act.”

અત્રે એ નોંધવું યોગ્ય છે કે ઈલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ ની કલમ 135 **ની** પેટા–કલમ (2) લાયસન્સધારક અથવા સપ્લાયરના કોઈપણ અધિકારીને રાજ્ય સરકાર દ્વારા બનાવવાળી જગ્યાએ શોધ અને જપ્તી કરવાની સત્તા આપે છે. જો કે, 15-06-2007 ના રોજ અમલમાં આવતાં સુધારા પહેલા, તેણે રાજ્ય સરકાર દ્વારા અધિકૃત કોઈપણ અધિકારીને બનાવવાળી જગ્યાએ શોધ અને જપ્તી કરવાની સત્તા આપી હતી. આમ, જ્યારે રાજ્ય સરકાર દ્વારા અધિકૃત અધિકારી દ્વારા શોધ અને જપ્તી કરવામાં આવતી હતી ત્યારે કોડની જોગવાઈઓનું પાલન કરવું જરૂરી હતું. ***ગોપાલભાઈ (સુપ્રા)*** ના કિસ્સામાં, ગુનો 26-04-2005 ના રોજ બન્યો હતો અને તેમા પીજીવીસીએલના અધિકારીનાઓએ ઘટના સ્થળે સર્ચ અને જપ્તી કરી હતી, અને તે સંદર્ભમાં એવું ઠરાવવામા આવેલ કે વીજળી બોર્ડના અધિકારીએ કોડની કલમ 99 **થી** 101 હેઠળની પ્રક્રિયાને અનુસરવાની જરૂર નથી અને તેનું પાલન ન કરવું એ માત્ર અનિયમિતતા છેP જો કે4 એક્ટની કલમ 135 (2) માં સુધારો કરવામાં આવ્યો છે. હવે, જ્યારે રાજ્ય સરકાર દ્વારા લાયસન્સધારક અથવા સપ્લાયરના અધિકારીને બનાવવાળી સ્થળે શોધ અને જપ્તી કરવાની સત્તા અધિકૃત કરે છે ત્યારે મારી નમ્ર દૃષ્ટિએ શોધ અને જપ્તી સંબંધિત સંહિતાની જોગવાઈઓ લાગુ પડે છે.  વધુમાં, ***State Of Gujarat Versus Jayantibhai Jivanbhai Gohil, 2023 (0) AIJEL-HC 244923*** **ના** ચુકાદામા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઠરાવવામા આવેલ છે કે, જ્યારે વીજ કંપની દ્વારા આરોપી સામે વીજ ચોરીનો આક્ષેપ કરવામાં આવે અને ચેકિંગ હાથ ધરવામાં આવે, ત્યારે મીટર અને વાયરની

સ્થિતિ શું છે અને આરોપી દ્ધારા કેવી રીતે વીજની ચોરી કરવામાં આવેલી તે અંગેની સ્પષ્ટતા થવા પંચનામું થવુ જરૂરી છે. આ કામે જે પંચનામુ થયેલ છે તે બનાવવાળી જગ્યાનુ પંચનામુ થયેલ છે અને મીટર અને વાયરનુ કોઈ પંચનામુ થયેલ નથી. આ રીતે પણ ફરીયાદપક્ષનો કેસમા શંકા ઉદભવે છે.

(૧૮) વધુમા, મુળ ફરીયાદી તરફે લેખીત દલીલમા જણાવવામા આવેલ છે કે ઈલેટ્રીસીટી એક્ટ ની કલમ ૧૩૫ (૩) મા મૂળ ફરીયાદી પર જપ્ત કરેલ મુદ્દામાલની યાદી કરવાની જવાબાદારી છે જે કરેલ છે પરંતુ તપાસ કરનાર પોલિસ અધિકારીને આ મુદ્દામાલ મૂળ ફરીયાદીએ આપવો તેવુ કોઈ લીગલ ઓબ્લીગેશન મૂળ ફરીયાદી પર નથી તેથી મૂળ ફરીયાદ પક્ષ તરફથી કાંઈ ચુક થયેલ નથી જેથી તેનો લાભ આરોપીને મળી શકે નહીં. ઉપરોક્ત દલીલના સંદર્ભમા, તે નોંધવુ યોગ્ય રહેશે કે, ફરીયાદપક્ષના સાહેદે સ્વીકાર કરેલ છે કે, અમોએ કબજે કરેલ મુદ્દામાલ પોલીસને સોંપેલ નથી અને વાયર બજારમાં સહેલાઈથી મળી શકે તેવી વસ્તુ છે. આ કામે તપાસ કરનાર અમલદાર નાએ પણ સ્વીકાર કરે છે કે મે મારી તપાસ દરમિયાન કોઈ મદ્દામાલ કબજે કરેલ નથી. વધુમાં, જ્યારે ફરીયાદીએ તપાસ કરનાર અધિકારીને પોતાની ફરીયાદ સાથે તમામ દસ્તાવેજો આપેલ હોય ત્યારે તેઓ મુદ્દામાલ વાયર પણ તપાસ કરનાર અધિકારીને આપી શક્યા હોત પરંતુ તેઓએ તે વાયર આપેલ નથી. આમ, આ કામે બનાવમા કહેવાતો મુદ્દામાલ વાયરનો વપરાશ થયેલ છે કે કેમ તે બાબતે પણ ફરીયાદપક્ષના કેસમા શંકા ઉદભવે છે.

(૧૯) આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષે આરોપી સામે આક્ષેપ મુજબનો ગુનો પુરવાર કરવા સફળ થયેલ ન હોય, મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં. ૨ ના જવાબમાં નીચે મુજબનો

આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના આરોપી શાંતુબા વિક્રમસિંહ જાડેજા, રે. ગામ: જાલીયા દેવાણી, ગામ: ધ્રોલ, જિ. જામનગરવાળાઓને શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિદોર્ષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) મુદામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવો.

(૩) આરોપીએ ફોજદારી કાર્યરિતી સંહિતા ૧૯૭૩ની કલમ– ૪૩૭ એ મુજબના રૂા.૧૦,૦૦૦/– ના જામીન તથા જાત મુચરકા છ માસના રજુ કરવા.

ચુકાદો આજરોજ તારીખ ૨૮મી, માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

જામનગર. શામનાથ ચંદંમોહન વેમુલા

તા.૨૮/૦૪/૨૦૨૬ ૪થા સ્પેશ્યલ જજ અને સેશન્સ જજ,

ટી.એ.દવે **જામનગર, કોડ નં. જી.જે.૦૦૮૧૮**